## • શ્રી મહાપ્રભાવિક નવસ્મરણાદિ સ્તોત્ર સંગ્રહ •

ખિસ્સામાં સમાય અને જેના સ્મરણથી રોમરોમ પુલકિત થાય તેવી આ નાનકડી પુસ્તિકામાં નવસ્મરણ, શ્રી ઋષિમંડલ સ્તોત્ર, શ્રી શત્રુંજય લઘુકલ્પ, વિદ્યા સાધવાનો મંત્ર, શ્રી ગ્રહશાન્તિ સ્તોત્રમ, નવગ્રહ પૂજા પ્રકાર, શ્રી માણિભદ્રજીનો છંદ, શ્રી ઘંટાકર્ણ મહામંત્ર, શ્રી ઉવસગ્ગહરમ મહાપ્રભાવિક સ્તોત્રમ, શ્રી પદ્માવતીદેવીનો મંત્ર જેવી અઢળક સામગ્રી છે. બસો ચાળીસ જેટલાં પૃષ્ઠો ધરાવતી આ પુસ્તિકાની કિંમત **માત્ર રૂ. આઠ** છે. શ્રદ્ધાળુ શ્રાવક-શ્રાવિકાઓ માટે આ ખાસ ઉપયોગી બની રહેશે.

## • જિનગુણમંજરી •

અત્યંત દુર્લભ એવાં પ્રાચીન ચૈત્યવંદનો, સ્તુતિ-સ્તવનો, ઢાળ, સજ્જાયોનો આવો બૃહદ્ સંગ્રહ પ્રગટ કરવો એ પણ સાહસ સમાન છે. રોચક અને પ્રવાહી પદ્યમાં, જીવનસાર્થક્યની બોધવાણી પ્રગટ કરતો એક મહાસાગર એટલે 'જિનગુણમંજરી.'

પૂ. સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી તથા પૂ.સા. શ્રી ધર્મપ્રભાશ્રીજી મહારાજે અત્યંત પરિશ્રમપૂર્વક સંપાદિત કરેલ આ ગ્રંથમાં હજાર જેટલાં પૃષ્ઠો હોવા છતાં તેની કિંમત **માત્ર પચાસ રૂ.** છે.

જૈન ભકિત સંગીતના કલાકારોને તથા અધ્યાત્મ-સંસ્કાર-પ્રેમીઓને આ પુસ્તક સવિશેષ ગમશે. અને આપના પરિવાર માટે તો એ જરૂર ગૌરવસમું જ બની રહેશે.

## • શ્રી સુધારસ સ્તવન સંગ્રહ •

શ્રી સિદ્ધાચલજીનાં વિવિધ ચૈત્યવંદનો, સ્તવનો, સ્તુતિઓ, છંદો તથા એકવીસ ખમાસમણના દુહા તેમજ નવાણું યાત્રાવિધિ,રત્નાકર પચ્ચીશી ઇત્યાદિ સામગ્રીથી સભર આ પુસ્તકની કિંમત **માત્ર ચાર રૂપિયા** છે.

## • ભક્તિ પ્રેરણા •

જૈન ધર્મનાં વિવિધ અધ્યાત્મપર્વો અને મહોત્સવો વખતે ગાઇ શકાય તેવાં ભાવવાહી મધુર ગીતોનો આ સંગ્રહ ખરેખર અનુપમ છે. વિવિધ રાગ, તાલ અને ભાવ-લયવાળાં આ મનભાવન ગીતો સાધકને ભાવ-વિભોર બનાવે છે. કિંમત **માત્ર રૂ. દશ** છે.

## • જૈન સજઝાયમાળા •

'સજઝાય' એ જૈન અધ્યાત્મ સાહિત્યનું મૌલિક સ્વરૂપ છે. જ્યાં ગંભીર શાસ્ત્રાભ્યાસ સંભવિત ન હોય ત્યાં 'સજઝાય' નું ગેયસ્વરૂપ સાર્થક નિવડે છે.

અસદ્ વૃત્તિઓ ઓગાળવામાં તથા સંયમનું સાત્ત્વિક વાતાવરણ ઘૂંટવામાં સજઝાય વિશેષ કામિયાબ રહે છે. 'રે જીવ માન ન કિજીએ...', 'કડવાં ફળ છે ક્રોધનાં...' જેવી સજઝાયો તો મૂલ્યવાન સાહિત્યકૃતિઓ બની ચૂકી છે.

પ્રસ્તુત ગ્રંથમાં વિવિધ કવિઓ દ્વારા રચિત અઢીસોથી પણ વધારે સજઝાયો સંગૃહિત કરવામાં આવી છે. માત્ર ધર્મપ્રેમી જ નહી, સાહિત્યપ્રેમીને પણ ખૂબ ગમે તેવા આ આકર્ષક પુસ્તકની કિંમત **માત્ર પચીસ રૂપિયા** છે.

## • દેવવંદન માલા •

(કથાઓ સહિત )

શ્રી દિવાળીનાં દેવવંદન, જ્ઞાનપંચમી દેવવંદન, શ્રી મૌન એકાદશી દેવવંદન, ચૈત્રી પૂનમ દેવવંદન, શ્રી ચૌમાસી દેવવંદન, શ્રી એકાદશ ગણધર દેવવંદન એમ ભિન્ન ભિન્ન પ્રકારનાં દેવવંદનો તેમજ તેને આનુષાંગિક ટૂંકી કથાઓ જેવી સામગ્રીથી સભર આ ગ્રંથમાં જૈન ધર્મનો પોર્તિક પ્રભાવ પ્રગટ થતો અનુભવાય છે.

જૈનોએ અચૂક વસાવવા જેવા આ ગ્રંથની કિંમત **માત્ર સત્તર રૂ.** છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્ર.

## પર્વ ૭ મું.

## વિષયાનુક્રમણિકા.

<u>પહેલાસર્ગમાં</u>—(રાવણ જન્માદિ) અજિતનાથજીના તીર્થમાં રાક્ષસવંશની ઉત્પત્તિ થયા પછી શ્રેયાંસ પ્રભુના તીર્થમાં કીર્તિધવળ રાક્ષસપતિનું થવું–તેનો અતીંદ્ર વિદ્યાધરની પુત્રી અને શ્રીકંઠની બ્હેન સાથે વિવાહ–તેથી પુષ્પોત્તર રાજાને થયેલ ખેદ–અતીંદ્રના પુત્ર શ્રીકંઠે કરેલું પુષ્પોત્તર રાજાની પુત્રી પદ્માનું અપહરણ–તેનું કીર્તિધવળને શરણે આવવું–પદ્માએ પોતાની ઇચ્છા જણાવવાથી પુષ્પોત્તરે શ્રીકંઠ સાથે તેનું કરાવેલું પાણિગ્રહણ–કીર્તિધવળના આગ્રહથી શ્રીકંઠે વાનરદ્વીપ ઉપર રહેવાનો કરેલો સ્વીકાર–તે દ્વીપ ઉપર કિષ્કિંધા નગરીમાં કરાવેલી તેની રાજ્યસ્થાપના–તે દ્વીપ ઉપર પુષ્કળ વાનરો હોવાથી રાજાએ કરાવેલી અમારી ઘોષણા–તેથી વાનરોનો થયેલો સત્કાર–તે દ્વીપનિવાસીની વાનર તરીકે થયેલી પ્રસિદ્ધિ–શ્રીકંઠને વિમાનની સ્ખલનાથી થયેલ વૈરાગ્ય–ચારિત્ર ગ્રહણ અને મોક્ષગમન.

અનુક્રમે મુનિસુવ્રતપ્રભુના તીર્થમાં વાનરદ્વીપમાં શ્રીકંઠના વંશમાં થયેલ ઘનોદધિરાજા–અને રાક્ષસદ્વીપમાં થયેલ તડિત્કેશરાજા–બંનેનો પરસ્પર સ્નેહ–તડિત્કેશનું વાનરદ્વીપે આગમન–એક વાનરે કરેલા તેની સ્ત્રીના પરાભવથી તડિત્કેશે કરેલો તેને પ્રહાર–તેને મુનિએ આપેલ નવકાર–વાનરનું અબ્ધિકુમારમાં દેવ થવું–તડિત્કેશના સુભટોએ કરેલા વાનરોને ઉપદ્રવથી તે દેવનું આગમન–તડિત્કેશે કરેલું પૂજાદિવડે સાંત્વન–બંનેનું મુનિ પાસે જવું–તડિત્કેશે કરેલી પરસ્પર વૈરહેતુ સંબંધી પૃચ્છા–મુનિએ કહેલ પૂર્વભવ–લંકાપતિ તડિત્કેશને થયેલ વૈરાગ્ય–તેનું મોક્ષગમન–લંકામાં સુકેશ રાક્ષસનું અને કિષ્કિંન્ધામાં કિષ્કિંધિનું રાજા થવું.

વૈતાઢ્ય ઉપર રથનુપુરમાં અશનિવેગ રાજા–તેને બે પુત્ર–વિજયસિંહ ને વિદ્યુદ્વેગ–આદિત્યપુરના રાજાની પુત્રી શ્રીમાળાનો સ્વયંવર–શ્રીમાળાએ કરેલું કિષ્કિંધિના કંઠમાં વરમાળારોપણ–તેથી વિજયસિંહને ઉત્પન્ન થયેલો દ્વેષ–તેના અને કિષ્કિંધિના વચ્ચે થયેલું યુદ્ધ–કિષ્કિંધિના અનુજ અંધકે વિજયસિંહનું કરેલું પ્રાણહરણ–કિષ્કિંધિનું શ્રીમાળાને પરણી કિષ્કિંધાએ આગમન–અશનિવેગનું ત્યાં યુદ્ધ કરવા આવવું–ત્યાં થયેલું યુદ્ધ–અશનિવેગે કરેલો અંધકનો વધ–સુકેશ ને કિષ્કિંધિએ કરેલું પરિવાર સહિત પલાયન–તે બંનેનું પાતાળ લંકામાં જઈને રહેવું–અશનિવેગે લંકાના રાજ્યપર નિર્ઘાત વિદ્યાધરનું કરેલ સ્થાપન–પોતાના પુત્ર સહસ્રારને રાજ્ય આપી અશનિવેગે લીધેલી દીક્ષા—

પાતાળ લંકામાં સુકેશને થયેલા ત્રણ પુત્ર–માળી, સુમાળી ને માલ્યવાન–કિષ્કિંધિને થયેલ બે પુત્ર–આદિત્યરજા ને ઋક્ષરજા–કિષ્કિંધિનું મધુપર્વતે ગમન–ત્યાં અનુકૂળ જણાવાથી તેણે વસાવેલ નગરી–તેનો ત્યાં નિવાસ–સુકેશના પુત્રોએ લંકામાં જઈ નિર્ઘાતનો કરેલ નિગ્રહ–માળીનું રાજ્યાધિશ થવું–કિષ્કિંધિમાં આદિત્યરાજાને રાજ્યે સ્થાપવો—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિમાન છે અને તેમાં બેસીને કુબેર પોતે કોઈ મોટા કારણથી આ ભૂલોકમાં આવે છે. તે આ ચૈત્યમાં અર્હંતપ્રતિમાની પૂજા કરીને પછી તરત જ કનકવતીનો સ્વયંવર જોવાની ઇચ્છાથી ત્યાં જશે.' તે સાંભળી વસુદેવે ચિંતવ્યું કે 'અહા! આ કનકવતીને પણ ધન્ય છે કે જેના સ્વયંવરમાં દેવતાઓ પણ આવે છે.' પછી કુબેરે વિમાન ઉપરથી ઊતરી શ્રી અર્હંતની પ્રતિમાને પૂજી વંદના કરી અને પ્રભુ પાસે સંગીત પણ કર્યું. તે સર્વ જોઇ વસુદેવે ચિરકાળ નિવૃત્તિપૂર્વક ચિંતવ્યું કે—'અહો! મહાત્મા અને પરમ આર્હત્ એવા આ પુણ્યવાન્ દેવને ધન્ય છે, અને અહો! આવા મહા પ્રભાવવાળા શ્રીમત્ અર્હંતનાં શાસનને પણ ધન્ય છે. તેમ જ આવું અદ્ભુત વૃત્તાંત જેને દષ્ટિગોચર થયું છે એવા મને ધન્ય છે.' પછી કુબેર અર્હંતની પૂજા સમાપ્ત કરી, ચૈત્યની બહાર નીકળીને યથારૂચિ ચાલ્યો, તેવામાં તેણે વસુદેવને દીઠા, તેથી તે વિચારમાં પડ્યો કે 'આ પુરૂષની કોઈ લોકોત્તર આકૃતિ છે કે જેવી આકૃતિ દેવતાઓમાં, અસુરોમાં અને ખેચરોમાં પણ જોવામાં આવતી નથી.' પછી એવી અનુપમ સુંદર આકૃતિવાળા વસુદેવને કુબેરે સંભ્રમ સહિત વિમાનમાં બેઠા બેઠા અંગુળીની સંજ્ઞાથી બોલાવ્યા. 'હું મનુષ્ય છું અને આ પરમ આર્હત્ અને મહર્દ્ધિક દેવ છે' એવો વિચાર કરતા કરતા અભીરૂ અને કૌતુકી વસુદેવ તેની પાસે ગયા. સ્વાર્થમાં તૃષ્ણાવાળા ધનદે વસુદેવનો મિત્રની જેમ પ્રિય આલાપ વિગેરેથી સત્કાર કર્યો, એટલે પ્રકૃતિથીજ વિનીત અને સત્કાર કરાયેલા વસુદેવે અંજલિ જોડીને તેને કહ્યું કે 'આજ્ઞા આપો, શું કામ કરૂં?' કુબેરે શ્રવણને સુખ આપે તેવી મધુર વાણીએ કહ્યું "મહાશય! બીજાથી ન સધાય તેવું મારૂં દૂતપણાનું કાર્ય સાધ્ય કરો. આ નગરમાં હરિશ્ચન્દ્ર રાજાને કનકવતી નામે એક પુત્રી છે, તેની પાસે જઈ મારી વતી કહો કે 'દેવરાજ ઇંદ્રના ઉત્તર દિશાના પતિ (લોકપાળ) કુબેર તને પરણવાને ઇચ્છે છે, તેથી તું માનુષી છે, તે છતાં દેવી થા.' મારા અમોઘ વચનથી તું પવનની જેમ અસ્ખલિતપણે તે કનકવતીથી વિભૂષિત એવા પ્રદેશમાં જઇ શકીશ." પછી વસુદેવે પોતાના આવાસમાં જઇ દિવ્ય અલંકાર વિગેરે તજી દઈ એક દૂતને લાયક એવો મલિન વેષ ધારણ કર્યો. એવા વેષને ધારણ કરીને જતાં વસુદેવને જોઈ કુબેરે કહ્યું, 'હે ભદ્ર! તેં સુંદર વેષ કેમ છોડી દીધો? સર્વ ઠેકાણે આડંબરજ પૂજાય છે.' વસુદેવે કહ્યું 'મલિન કે ઉજ્જવલ વેષનું શું કામ છે' દૂતપણાનું મંડન તો વાણી છે અને તે વાણી મારામાં છે.' તે સાંભળી કુબેર બોલ્યો 'જા, તારૂં કલ્યાણ થાઓ.! પછી વસુદેવ નિઃશંકપણે હરિશ્ચન્દ્ર રાજાના ગૃહાંગણમાં આવ્યા અને હાથી, ઘોડા, રથ અને યોદ્ધાઓએ જેનું દ્વાર રૂંધેલું છે એવા રાજદ્વારમાં પ્રવેશ કર્યો. પછી કોઈથી પણ નહી દેખાતા અને અસ્ખલિત ગતિવાળો વસુદેવ અંજનસિદ્ધ યોગીની જેમ આગળ ચાલ્યા. અનુક્રમે પરિકર બાંધી હાથમાં છડી લઈ ને ઊભેલા નાજરોએ રૂંધેલી રાજગૃહની પ્રથમ કક્ષામાં[1] તેણે પ્રવેશ કર્યો. ત્યાં ઇંદ્રનીલ મણિમય પૃથ્વીતળવાળું અને ચલિત કાંતિથી

૧. કક્ષા—ગઢ, ડેલી.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

તરંગિત, જળસહિત વાપીના ભ્રમને ઉત્પન્ન કરતું રાજગૃહ તેણે જોયું. તેમાં દિવ્ય આભરણ ધરનારી અને અપ્સરા જેવી સ્વરૂપવાન્ સમાન વયની સ્ત્રીઓનું મોટું વૃંદ તેમના જોવામાં આવ્યું. પછી વસુદેવે સુવર્ણમય સ્તંભવાળી, મણિમય પુતળીઓવાળી અને ચલાયમાન ધ્વજાઓવાળી બીજી કક્ષામાં પ્રવેશ કર્યો. આગળ ચાલતાં ઐરાવત હાથી જેમ ક્ષીરસાગરમાં પેસે તેમ ક્ષીરતરંગ જેવી ઉજ્જવળ ત્રીજી કક્ષામાં પ્રવેશ કર્યો. તેમાં સ્વર્ગમાં ન સમાવાથી અપ્સરાઓજ જાણે અહીં આવી હોય નહીં તેવી દિવ્ય આભૂષણોથી ઘણી સ્ત્રીઓ રહેલી હતી. પછી ચોથી કક્ષામાં પ્રવેશ કર્યો. ત્યાં તરંગોથી તરલ અને હંસપ્રમુખ પક્ષીઓથી વ્યાપ્ત જળકાંત મણિમય જમીન જોવામાં આવી. તેવી જમીનમાં તેમજ ભીંતોમાં દર્પણ વિના પણ પોતાના આત્માનું અવલોકન કરતી અને ઉત્તમ શૃંગાર ધારણ કરતી કેટલીક અંગનાઓ તેમના જોવામાં આવી. વળી ત્યાં મેના પોપટના માંગળિક ઉચ્ચાર તેમના સાંભળવામાં આવ્યા અને ગીત નૃત્યમાં આકુળ દાસીવર્ગ પણ દૃષ્ટિએ પડચો. ત્યાંથી વસુદેવે પાંચમી કક્ષામાં પ્રવેશ કર્યો. ત્યાં સ્વર્ગગૃહના જેવી મનોહર મરકત મણિની ભૂમિ તેમના જોવામાં આવી. તેમાં મોતી અને પરવાળાની માળાઓ તથા લટકતા ચામરો માયાકૃતિએ રચેલા હોય તેના જોવામાં આવ્યા. વળી સુંદર રૂપ તથા વેષવાળી અને રત્નાલંકારોએ ભરપૂર એવી કેટલીક દાસીઓ જાણે સ્તંભપર લગ્ન થયેલી પુતળીઓ હોય તેવી જોવામાં આવી. ત્યાંથી છઠ્ઠી કક્ષામાં પ્રવેશ કર્યો. ત્યાં દિવ્ય સરોવરના જેવી સર્વત્ર પદ્મરાગ મણિની ભૂમિ જોવામાં આવી, તેમાં દિવ્ય અંગરાગે પૂર્ણ મણિનાં પાત્રો અને દેવતાઈ વસ્ત્રો તેના જોવામાં આવ્યાં. તેમજ કીરમજના રંગવાળાં રેશમી વસ્ત્રો ધારણ કરેલાં હોવાથી મૂર્તિમાન સંધ્યા જેવી અનેક મૃગાક્ષીઓ તેની દૃષ્ટિએ પડી. ત્યાંથી સાતમી કક્ષામાં ગયા. ત્યાં લોહિતાક્ષ મણિના સ્તંભવાળી કર્કેતન મણિની ભૂમિ જોવામાં આવી. તેમાં કલ્પવૃક્ષો, પુષ્પોનાં આભૂષણો અને જલપૂર્ણ કળશ તથા કમંડળોની શ્રેણીઓ તેણે જોઇ. વળી અનેક કળાઓને જાણનારી સર્વ દેશની ભાષામાં પ્રવીણ અને ગંડસ્થળપર લટકી રહેલાં કુંડળોવાળી કેટલીક છડી ધરનારી સુલોચનાઓ પણ તેના દેખવામાં આવી. તેને જોઈને વસુદેવ ચિંતવવા લાગ્યા કે 'આટલી છડીદાર સ્ત્રીઓથી નીરંધ્ર પરિવૃત્ત[1] એવા આ ગૃહમાં કોઈને પ્રવેશ કરવાનો અવકાશ નથી.' આ પ્રમાણે વસુદેવ વિચાર કરતા હતા તેવામાં લીલામાત્રથી કનકકમળને હાથમાં ધારણ કરતી દિવ્ય વેષવાળી એક દાસી પક્ષદ્વારના[2] માર્ગથી બહાર આવી. તેને જોઈને બધી છડીદાર વામાઓ સસંભ્રમથી પૂછવા લાગી કે 'રાજકુમારી કનકવતી ક્યાં છે? અને શું કરે છે?' તે દાસીએ કહ્યું કે–'હાલ તો પ્રમદવનના પ્રાસાદમાં દિવ્ય વેષ ધારણ કરીને રાજકુમારી કનકવતી એકલા કોઈ દેવતાની સાંનિધ્યે બેઠાં છે.' તે સાંભળી રાજકુમારીને ત્યાં બેઠેલી જાણીને દાસી આવી હતી તે પક્ષદ્વારના માર્ગેજ વસુદેવ તે તરફ જવા માટે બહાર નીકળ્યા અને પ્રમદવનમાં આવ્યા. ત્યાં સાત ભૂમિકાવાળો અને ફરતા

---

૧ બીલકુલ માર્ગ વિનાના   ૨ પડખેના.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગયા. રાજા ને રાણી તેમની વાણીથી જાણે અમૃતવડે નાહ્યા હોય એમ અત્યંત હર્ષ પામ્યા. તે દિવસથી દેવીની જેમ સુખને આપનાર અને પ્રત્યેક અંગમાં લાવણ્ય અને સૌભાગ્યના ઉત્કર્ષને આપનાર ગૂઢગર્ભને શિવાદેવીએ ધારણ કર્યો.

અનુક્રમે ગર્ભસ્થિતિ પૂર્ણ થયે શ્રાવણ માસની શુક્લ પંચમીની રાત્રિએ ચિત્રા નક્ષત્રમાં ચંદ્રનો યોગ આવ્યે છતે કૃષ્ણ વર્ણવાળા અને શંખના લાંછનવાળા પુત્રને શિવાદેવીએ જન્મ આપ્યો. તે વખતે છપ્પન દિશાકુમારીઓએ પોતપોતાને સ્થાનકેથી ત્યાં આવીને શિવાદેવી અને જિનેંદ્રનું પ્રસૂતિકર્મ કર્યું. પછી શક્ર ઇંદ્રે ત્યાં આવી પાંચ રૂપ કર્યાં, તેમાં એક રૂપવડે પ્રભુને હાથમાં ગ્રહણ કર્યા, બે રૂપવડે ચામર વિંજવા લાગ્યા, એક રૂપવડે મસ્તક ઉપર ઉજ્જવળ છત્ર ધારણ કર્યું અને એક રૂપવડે હાથમાં વજ્ર લઈને નાટકીઆની જેમ પ્રભુની આગળ નાચતા નાચતા ચાલ્યા. એ પ્રમાણે મેરૂપર્વતના શિખર ઉપર અતિપાંડુકંબલા નામની શિલા પાસે આવ્યા. તે શિલા ઉપરના અતિ ઉચ્ચ સિંહાસન ઉપર ભગવંતને ખોળામાં લઈને શક્રઇંદ્ર બેઠા. તે વખતે અચ્યુતાદિ ત્રેસઠ ઇંદ્રો પણ તત્કાળ ત્યાં આવ્યા અને તેમણે શ્રી જિનેંદ્રને ભક્તિપૂર્વક સ્નાન કરાવ્યું. પછી ઈશાન ઇંદ્રના ખોળામાં પ્રભુને અર્પણ કરીને શક્રઇંદ્રે વિધિપૂર્વક પ્રભુને સ્નાત્ર કર્યું અને કુસુમાદિકથી પૂજા કરી. પછી સ્વામીની આરતી ઉતારી. નમસ્કાર કરી, અંજલી જોડીને ભક્તિનિર્ભર વાણીવડે ઇંદ્રે આ પ્રમાણે સ્તુતિ કરવાનો આરંભ કર્યો.

"હે મોક્ષગામી અને શિવાદેવીની કુક્ષિરૂપ શુક્તિમાં મુક્તામણિ સમાન પ્રભો! તમે કલ્યાણના એક સ્થાનરૂપ અને કલ્યાણના કરનારા છો. જેમની સમીપેજ મોક્ષ રહેલું છે એવા, સમસ્ત વસ્તુઓ જેમને પ્રગટ થયેલ છે એવા અને ત્રિવિધ પ્રકારની ઋદ્ધિના નિધાનરૂપ એવા હે બાવીશમા તીર્થંકર! તમને નમસ્કાર થાઓ. તમે ચરમ દેહધારી જગદ્ગુરૂ છો; તમારા જન્મથી હરિવંશ અને આ ભરતક્ષેત્રની ભૂમિ પણ પવિત્ર થઇ છે. હે ત્રિજગદ્ગુરૂ! તમેજ કૃપાના એક આધાર છો, બ્રહ્મસ્વરૂપના એક સ્થાન છો અને ઐશ્વર્યના અદ્વિતીય આશ્રય છો. હે જગત્પતિ! તમારા દર્શને કરીનેજ અતિ મહિમાવડે પ્રાણીઓના મોહનો વિધ્વંસ થવાથી આપનું દેશનાકર્મ સિદ્ધ થાય છે. હરિવંશમાં અપૂર્વ મુક્તાફળ સમાન હે પ્રભો! તમે કારણ વિના ત્રાતા, હેતુ વિના વત્સલ અને નિમિત્ત વિના ભર્તા છો, અત્યારે અપરાજિત વિમાન કરતાં પણ ભરતક્ષેત્ર ઉત્તમ છે, કારણ કે તેમાં લોકોના સુખને માટે બોધના આપનાર એવા આપ અવતર્યા છો. હે ભગવંત! તમારા ચરણ નિરંતર મારા માનસને વિષે હંસપણાને ભજો અને મારી વાણી તમારા ગુણની સ્તવના કરવાવડે ચરિતાર્થ (સફળ) થાઓ."

આ પ્રમાણે સ્તુતિ કરી જગન્નાથ પ્રભુને ઉપાડીને ઇંદ્ર શિવાદેવી પાસે આવ્યા અને તેમની પાસેથી જેમ લીધા હતા તેમજ મૂકી દીધા. પછી ભગવંતનું પાલન કરવા માટે પાંચ અપ્સરાઓને ધાત્રી તરીકે ત્યાં રહેવા આજ્ઞા કરીને ઇંદ્ર નંદીશ્વર દ્વીપે ગયા અને ત્યાં યાત્રા કરીને પોતાને સ્થાનકે ગયા.

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પ્રાતઃકાળે સૂર્યની જેમ ઉદ્યોત કરતા મહા કાંતિમાન્ પુત્રને જોઈને સમુદ્રવિજય રાજાએ હર્ષિત થઈને મહા જન્મોત્સવ કર્યો. ભગવંત ગર્ભમાં હતા ત્યારે માતાએ અરિષ્ટમયી ચક્રધારા સ્વપ્નમાં જોઈ હતી, તેથી પિતાએ તેમનું "**અરિષ્ટનેમિ**" નામ સ્થાપન કર્યું. અરિષ્ટનેમિનો જન્મ સાંભળીને હર્ષના પ્રકર્ષથી વસુદેવાદિકે મથુરામાં પણ મહોત્સવ કર્યો.

અન્યદા દેવકી પાસે આવેલા કંસે તેના ઘરમાં ઘ્રાણપુટ[1] છેદેલી પેલી કન્યાને દીઠી. તેથી ભય પામેલા કંસે પોતાને ઘેર આવી ઉત્તમ નિમિત્તિયાને બોલાવીને પૂછયું કે 'દેવકીના સાતમા ગર્ભથી મારૂં મૃત્યુ થશે એમ એક મુનિએ કહ્યું હતું તે વૃથા છે કે કેમ?' નૈમિત્તિકે કહ્યું કે 'ઋષિનું કહેલું મિથ્યા થતું જ નથી, તેથી તમારો અંત લાવનાર દેવકીનો સાતમો ગર્ભ કોઈ પણ સ્થાનકે જીવતો છે એમ જાણજો. તેની પરીક્ષા માટે **અરિષ્ટ** નામનો તમારો બળવાન્ બળદ, **કેશી** નામનો મહાન્ અશ્વ અને દુર્દાંત એવા **ખર** અને **મેષ** વૃન્દાવનમાં છુટા મૂકો. પર્વત જેવા દૃઢ એ ચારેને સ્વેચ્છાએ ક્રીડા કરતા કરતા જે મારી નાખશે તેજ દેવકીનો સાતમો ગર્ભ તમને હણનાર છે એમ જાણજો. વળી ક્રમાગત જ્ઞાનીઓએ કહ્યું છે કે ભુજાબળમાં વાસુદેવ ઈતર જનોથી દુઃખે સ્પર્શ થાય તેવા હોય છે. તે વાસુદેવ મહા ક્રૂર કાળીનાગને દમશે, **ચાણૂર** મલ્લનો વધ કરશે, તમારા **પદ્મોત્તર** ને **ચંપક** નામના બે હાથીને મારશે, અને તેજ તમને પણ મારશે."

આ પ્રમાણેનાં નૈમિત્તિકનાં વચનથી પોતાના શત્રુને જાણવા માટે અરિષ્ટાદિક ચારે બળવાન્ પશુને કંસે વૃન્દાવનમાં છુટા મૂકયા અને ચાણુર તથા મુષ્ટિક નામના બે મલ્લને શ્રમ કરવા માટે આજ્ઞા કરી. મૂર્તિવંત અરિષ્ટ જેવો અરિષ્ટ બળદ શરદ્ઋતુમાં વૃન્દાવનમાં જતા આવતા ગોપલોકોને ઉપદ્રવ કરવા લાગ્યો. તે બળદ નદીના તટપર રહેલા કાદવને ઉડાડે તેમ શૃંગના અગ્ર ભાગથી ગાયોને ઉડાડવા લાગ્યો, અને તુંડાગ્રથી ઘીનાં અનેક ભાજનોને ઢોળી નાખવા લાગ્યો. તેના આવા ઉપદ્રવથી 'હે કૃષ્ણ! હે કૃષ્ણ! હે રામ! હે રામ! અમારી રક્ષા કરો, રક્ષા કરો.' એવા અતિ દીન કલકલ શબ્દો ગોવાળો કરવા લાગ્યા. તેનો આવો કલકલાટ સાંભળીને સંભ્રમથી 'આ શું?' એમ બોલતા કૃષ્ણ રામ સહિત ત્યાં દોડી ગયા; એટલે મહાબળવાન્ તે વૃષભને તેમણે દીઠો. તે વખતે 'અમારે ગાયોનું કાંઈ કામ નથી અને ઘીની પણ જરૂર નથી' એમ અનેક વૃદ્ધોએ નિષેધ કર્યા છતાં પણ કૃષ્ણે તે વૃષભને બોલાવ્યો. તેમના આહ્વાનથી શીંગડાંઓને નમાવી, રોષવડે મુખનું આકુંચન કરી અને પુચ્છને ઊંચું કરીને તે બળદ ગોવિંદની સામે દોડયો; એટલે તેને શીંગડાવડે પકડી શીઘ્ર તેનું ગળું વાળી દઈ નિરૂચ્છ્વાસ કરીને કૃષ્ણે તેને મારી નાખ્યો. અરિષ્ટના મરણ પામવાથી જાણે તેમનું મૃત્યુજ મરણ પામ્યું હોય એવા તે ગોવાળો ખુશી થયા અને કૃષ્ણને જોવાની તૃષ્ણા ધરાવતા તેને પૂજવા લાગ્યા.

---

૧ નાસિકા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કંસનો પ્રિયમિત્ર હોય તેવો કાલિય નામે સર્પ યમુનાના જળમાં મગ્ન થઈ કૃષ્ણને ડસવા માટે તેની સામે દોડ્યો. તેના ફણામણિના પ્રકાશથી 'આ શું હશે?' એમ સંભ્રમ પામી રામ કંઈક કહેતા હતા, તેવામાં તો કૃષ્ણે કમળનાળની પેઠે તેને પકડી લીધો. પછી કમળના નાળથી તેને વૃષભની જેમ નાસિકામાં નાથી લીધો, અને તેની ઉપર ચઢીને કૃષ્ણે તેને ઘણીવાર જળમાં ફેરવ્યો. પછી તેને નિર્જીવ જેવો કરી અત્યંત ખેદ પમાડીને કૃષ્ણ બહાર નીકળ્યા. તે વખતે સ્નાનવિધિ કરનારા બ્રાહ્મણો કૌતુકથી ત્યાં આવીને કૃષ્ણને વીંટાઈ વળ્યા. ગોપથી વીંટાયલા રામ તથા કૃષ્ણ મથુરા તરફ ચાલ્યા, અને કેટલીક વારે તે નગરીના દરવાજા પાસે આવ્યા.

તે વખતે કંસની આજ્ઞાથી મહાવતે પદ્મોત્તર અને ચંપક નામના બે હાથીને તૈયાર રાખ્યા હતા તેને પ્રેરણા કરી, તેથી તે બંને તેની સન્મુખ દોડયા. કૃષ્ણે દાંત ખેંચી કાઢીને મુષ્ટિના પ્રહારથી સિંહની જેમ પદ્મોત્તરને મારી નાખ્યો અને રામે ચંપકને મારી નાખ્યો. તે વખતે નગરજનો પરસ્પર વિસ્મય પામી બતાવવા લાગ્યા કે 'આ બંને અરિષ્ટ વૃષભ વિગેરેને મારનાર નંદના પુત્રો છે.' પછી નીલ અને પીત વસ્ત્રને ધારણ કરનારા, વનમાળાને ધરનારા અને ગોવાળીઆઓથી વીંટાયલા તે બન્ને ભાઈઓ મલ્લોના અક્ષવાટ (અખેડા)માં આવ્યા; ત્યાં એક મહામંચની ઉપર બેઠેલા લોકોને ઉઠાડી તે પર બંને ભાઈઓ પરિવાર સાથે નિઃશંક થઇને બેઠા. પછી રામે કૃષ્ણને કંસ શત્રુને બતાવ્યો અને પછી અનુક્રમે સમુદ્રવિજયાદિ દશાર્હ કાકાઓને અને તેની પાછળ બેઠેલા પોતાના પિતાને ઓળખાવ્યા. તે સમયે 'આ દેવ જેવા બે પુરૂષ કોણ હશે?' એમ મંચ ઉપર રહેલા રાજાઓ અને નગરજનો પરસ્પર વિચાર કરતા તેમને જોવા લાગ્યા.

કંસની આજ્ઞાથી પ્રથમ તો તે અખાડામાં અનેક મલ્લો યુદ્ધ કરવા લાગ્યા. પછી કંસે પ્રેરેલો ચાણુર મલ્લ પર્વતની આકૃતિ ધરતો ઊભો થયો. મેઘની જેમ ઉગ્ર ગર્જના કરતો અને કરાસ્ફોટવડે સર્વ રાજાઓને આક્ષેપ કરતો તે ઊંચે સ્વરે બોલ્યો "જે કોઈ વીરપુત્ર હોય અથવા જે કોઈ વીરમાની દુર્ધર પુરૂષ હોય તે મારી બાહુયુદ્ધની શ્રદ્ધા પૂરી કરે."

આ પ્રમાણે અતિ ગર્જના કરતા ચાણુરના ગર્વને નહીં સહન કરતા મહાભુજ કૃષ્ણે મંચ ઉપરથી નીચે ઊતરીને તેની સામે કરાસ્ફોટ કર્યો. સિંહના પુંછના આસ્ફોટની જેમ તે કૃષ્ણના કરાસ્ફોટે ઉગ્ર ધ્વનિથી ભૂમિ અને અંતરીક્ષને ફોડી નાખ્યાં. 'આ ચાણુર વય અને વપુથી મોટો, શ્રમ કરવા વડે કઠોર, બાહુયુદ્ધથીજ આજીવિકા કરનારો અને દૈત્યની જેવો સદા ક્રૂર છે, અને આ કૃષ્ણ દુગ્ધમુખ, મુગ્ધ, કમળોદરથી પણ કોમળ અને વનવાસી હોવાથી મલ્લયુદ્ધના અભ્યાસ વગરનો છે, તેથી આ બંનેનું યુદ્ધ ઘટતું નથી, આ અઘટિત થાય છે, આવા વિશ્વનિંદિત કામને ધિક્કાર છે." આ પ્રમાણે ઊંચે સ્વરે બોલતા લોકોનો કોલાહળ



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચારે તરફ થઈ રહ્યો. એટલે કંસે ક્રોધથી કહ્યું–“ આ બે ગોપબાળકને અહીં કોણ લાવ્યું છે? ગાયના દુધ પીવાથી ઉન્મત્ત થયેલા તેઓ સ્વેચ્છાએ અહીં આવેલ છે; તો તે સ્વેચ્છાથી યુદ્ધ કરે તેમાં તેને કોણ વારે? તેમ છતાં જેને આ બંનેની પીડા થતી હોય તે જુદા પડીને મને જણાવો.” કંસનાં આવાં વચન સાંભળી સર્વે જનો ચૂપ થઈ ગયા. પછી નેત્રકમળને વિકાસ કરતા કૃષ્ણ બોલ્યા “ચાણુરમલ્લ કુંજર રાજપિંડથી પુષ્ટ થયેલો છે, સદા મલ્લયુદ્ધનો અભ્યાસ કરનાર છે અને શરીરે મહા સમર્થ છે, તે છતાં ગાનના દુધનું પાન કરીને જીવનાર હું ગોપાળનો બાળક સિંહનો શિશુ જેમ હાથીને મારે તેમ તેને મારી નાખું છું, તે સર્વે લોકો અવલોકન કરો.” કૃષ્ણનાં આવાં પરાક્રમનાં વચન સાંભળી કંસ ભય પામ્યો, એટલે તત્કાળ એક સાથે યુદ્ધ કરવાને માટે તેણે બીજા મુષ્ટિક નામના મલ્લને આજ્ઞા કરી. મુષ્ટિકને ઉઠેલો જોઇ બળરામ તરતજ મંચ ઉપરથી નીચે ઉતર્યા અને રણકર્મમાં ચતુર એવા તેણે યુદ્ધ કરવા માટે તેને બોલાવ્યો. કૃષ્ણ અને ચાણુર તથા રામ અને મુષ્ટિક નાગપાશ જેવી ભુજાવડે યુદ્ધ કરવા પ્રવર્ત્યા. તેઓના ચરણન્યાસથી પૃથ્વી કંપાયમાન થઈ અને કરાસ્ફોટના શબ્દોથી બ્રહ્માંડ મંડપ ફુટી ગયો. રામ અને કૃષ્ણે તે મુષ્ટિક અને ચાણુરને તૃણના પુળાની જેમ ઊંચે ઉછાળ્યા, તે જોઈ લોકો ખુશી થયા. પછી ચાણુર અને મુષ્ટિકે રામ કૃષ્ણને સહેજ ઊંચા ઉછાળ્યા તે જોઈ સર્વ લોકો મ્લાનમુખી થઈ ગયા. તે વખતે કૃષ્ણે હાથી જેમ દંતમૂશળથી પર્વતની ઉપર તાડના કરે તેમ દૃઢ મુષ્ટિથી ચાણુરની છાતી ઉપર તાડન કર્યું, એટલે જયને ઇચ્છતા ચાણુરે કૃષ્ણના ઉરસ્થળમાં વજ્ર જેવી મુષ્ટિથી પ્રહાર કર્યો. તે પ્રહારથી મદ્યપાનની જેમ કૃષ્ણને આંખે અંધારા આવી ગયાં અને અતિ પીડિત થઈ આંખો મીંચીને તે પૃથ્વી પર પડયા. તે વખતે છળને જાણનાર કંસે દૃષ્ટિ વડે ચાણુરને પ્રેરણા કરી એટલે પાપી ચાણુર બેભાન થઈને પડેલા કૃષ્ણને મારવા માટે દોડયો. તેને મારવાની ઇચ્છાવાળો જાણી તત્કાળ બળદેવે વજ્ર જેવા હાથના પ્રકોષ્ટ (પહોંચા) નો તેનાપર પ્રહાર કર્યો, જે પ્રહારથી ચાણુર સાત ધનુષ્ય પાછો ખસી ગયો. તેવામાં કૃષ્ણ પણ આશ્વાસન પામીને ઉભા થયા અને તેણે યુદ્ધ કરવા માટે ચાણુરને ફરીવાર બોલાવ્યો. પછી મહા પરાક્રમી કૃષ્ણે ચાણુરને બે જાનુની વચમાં લઈ દબાવી ભુજાવડે તેનું મસ્તક નમાવીને એવો મુષ્ટિનો ઘા કર્યો કે જેથી ચાણુર રૂધિરની ધારાને વમન કરવા લાગ્યો અને તેનાં લોચન અત્યંત વિહ્વળ થઈ ગયાં, તેથી કૃષ્ણે તેને છોડી દીધો. તેજ ક્ષણે કૃષ્ણથી ભય પામ્યા હોય તેમ તેના પ્રાણે પણ તેને છોડી દીધો, અર્થાત્ તે મરણ પામ્યો. તે વખતે ભય અને કોપથી કંપતો કંસ બોલ્યો ‘અરે! આ બંને અધમ ગોપબાળોને મારી નાખો, વિલંબ કરો નહીં; અને આ બંને સર્પોનું પોષણ કરનાર નંદને પણ મારો અને એ દુર્મતિ નંદનું સર્વસ્વ લુંટીને અહીં લઈ આવો, તેમજ જે નંદનો પક્ષ લઈ વચમાં આવે તેને પણ તેના જેવોજ દોષિત ગણી મારી આજ્ઞાથી મારી નાખો.’ એ સમયે ક્રોધથી રાતાં નેત્ર કરી કૃષ્ણે કહ્યું ‘અરે પાપી! ચાણુરને માર્યો તોપણ હજુ તું તારા આત્માને મરેલો માનતો નથી? તો પ્રથમ મારાથી હણાતા તારા આત્માની

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

હમણા રક્ષા કર, પછી ક્રોધ કરીને નંદ વિગેરેને માટે આજ્ઞા કરજે.' આ પ્રમાણે કહી કૃષ્ણે ઉછાળો મારી મંચ ઉપર ચઢી કેશવડે પકડીને કંસને પૃથ્વીપર પાડી દીધો. તેનો મુકુટ પૃથ્વી પર પડી ગયો, વસ્ત્ર ખસી ગયાં અને નેત્ર ભયથી સંભ્રમ પામી ગયાં. કસાઈને ઘેર બાંધેલા પશુની જેમ તે કંસને કૃષ્ણે કહ્યું, 'અરે અધમ! તેં તારી રક્ષાને માટે વૃથા ગર્ભહત્યાઓ કરી, હવે તું જ રહેવાનો નથી, તેથી સ્વકર્મનાં ફળ ભોગવ.' તે વખતે ઉન્મત્ત હાથીને સિંહ પકડે તેમ હરિએ કંસને પકડેલો જોઈ બધા લોકો વિસ્મય પામી ગયા અને અંતરમાં બીવા લાગ્યા. તે સમયે રામે બંધનથી શ્વાસરહિત કરી યજ્ઞમાં લાવેલા પશુની જેમ મુષ્ટિકને મારી નાખ્યો. એવામાં કંસની રક્ષા કરવા માટે રહેલા કંસના સુભટો વિવિધ પ્રકારનાં આયુધો હાથમાં લઈને કૃષ્ણને મારવા દોડયા, એટલે રામે એક માંચડાનો સ્તંભ ઉખેડી હાથમાં લઈને મધપુડા ઉપરથી મક્ષિકાઓને ઉડાડે તેમ તેઓને નસાડી મૂકયા. પછી કૃષ્ણે મસ્તક પર ચરણ મૂકીને કંસને મારી નાખ્યો અને ઓવાળને સમુદ્ર બહાર કાઢી નાખે તેમ તેને કેશથી ખેંચીને રંગમંડપની બહાર ફેંકી દીધો. કંસે પ્રથમથી જરાસંધના કેટલાએક સૈનિકોને બોલાવી રાખ્યા હતા, તેઓ રામ કૃષ્ણને મારવાને તૈયાર થવા લાગ્યા. તેમને તૈયાર થતાં જોઈ રાજા સમુદ્રવિજય તૈયાર થઈ યુદ્ધ કરવાને આવ્યા, કારણ કે તેમનું આવવું તેને માટેજ હતું. જ્યારે ઉદ્વેલ સમુદ્રની જેમ રાજા સમુદ્રવિજય ઉપડીને આવ્યા એટલે જરાસંધના સૈનિકો દશે દિશાઓમાં નાસી ગયા.

પછી અનાધૃષ્ણિ સમુદ્રવિજયની આજ્ઞાથી રામ કૃષ્ણને પોતાના રથમાં બેસાડીને વસુદેવને ઘેર લઈ ગયો. સર્વ યાદવો અને સમુદ્રવિજય વિગેરે પણ વસુદેવને ઘેર ગયા અને ત્યાં એકઠા મળી સભા ભરીને બેઠા. વસુદેવ અર્ધાસન પર રામને અને ઉત્સંગમાં કૃષ્ણને બેસાડી નેત્રમાં અશ્રુ લાવી તેમના મસ્તકપર વારંવાર ચુંબન કરવા લાગ્યા. તે વખતે વસુદેવના મોટા સહોદર બંધુઓએ તેને પૂછ્યું કે 'આ શું?' એટલે વસુદેવે અતિમુક્ત મુનિનાં વૃત્તાંતથી માંડીને બધો વૃત્તાંત કહી આપ્યો. પછી રાજા સમુદ્રવિજયે કૃષ્ણને પોતાના ઉત્સંગમાં બેસાડયા અને તેના પાલન કરવાથી પ્રસન્ન થઈ રામની વારંવાર પ્રશંસા કરી. તે વખતે દેવકી એક ફોયણાવાળી[1] પુત્રીને સાથે લઈ ત્યાં આવ્યા, અને એક ઉત્સંગમાંથી બીજા ઉત્સંગમાં સંચરતા કૃષ્ણને તેણે દૃઢ આલિંગન કર્યું.

પછી બધા યાદવો હર્ષાશ્રુ વર્ષાવતા બોલ્યા, 'હે મહાભુજ વસુદેવ! તમે એકલાજ આ જગતને જીતવાને સમર્થ છો, તે છતાં તમારા બાળકોને જન્મતાં વેંતજ એ ક્રૂર કંસે મારી નાખ્યા તે તમે કેમ સહન કર્યું?' વસુદેવ બોલ્યા-"મેં જન્મથીજ સત્યવ્રત પાળેલું છે, તેથી તે વ્રતની રક્ષાને માટે (પ્રથમ વચન આપેલું હોવાથી) આવું દુષ્ટ કર્મ પણ સહન કર્યું. પ્રાંતે દેવકીના આગ્રહથી આ કૃષ્ણને નંદના ગોકુળમાં મૂકી આવી તેને બદલે આ નંદની પુત્રીને અહીં લઈ આવ્યો, એટલે દેવકીનો સાતમો ગર્ભ કન્યામાત્ર જાણી એ પાપી કંસે અવજ્ઞાથી નાસિકનું એક ફોયણું છેદીને આ બાળકીને છોડી મૂકી હતી."

---

૧ નાકના એક બાજુનાજ છિદ્રવાળી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

